**આણંદના મે.ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમા,મું.આણંદ.**

**<u>ક્રિમી.પરચુ.અરજી નં.૩૭૯/૨૦૨૬</u>**
**<u>આંક–</u>**

અરજદાર:– અરબાજખાન સ/ઓ.હમીદખાન જશુભા રાણા
ઉ.વ:–૨૦, ધંધો:–વેપાર
મુળ રહે.નાપા વાંટા,હે.જુમ્મા મસ્જીદની પાસે,
,તા.બોરસદ.જી.આંણંદ.

**<u>વિરુઘ્ધ</u>**

સામાવાળા:– ગુજરાત સરકારશ્રી.

<u>અરજદાર તરફે વિધ્વાન વ.શ્રી.એમ.એમ.પઠાણ.</u>
<u>સામાવાળા સરકારશ્રી તરફે વિ.સરકારી વકીલશ્રી.જે.એસ.ગઢવી.</u>

**<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુ. જામીન મેળવવા અરજી.</u>**

**<u>// ચુકાદો. //</u>**

(૧) અરજદારે હાલની અરજી બી.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયે બોરસદ રુરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર. નંબર.૧૧૨૧૫૦૦૭૨૫૦૪૧૫/૨૦૨૫,બી. એન. એસ.એસ.ની કલમ–૩૧૬(૨),૩૧૮(૪),૬૧(૨),૧૨૩, ૨૦૪, ૩૫૧(૩) મુજબના ગુનાના કામે અટક કરેલા છે અને આરોપી તા.૨૩/૦૩/૨૦૨૬ થી જયુડી.કસ્ટડીમા હોઈ ચાર્જશીટ બાદ રેગ્યુ.જામીન ઉપર મુકત થવા દાખલ કરેલ છે.

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપી મહેન્દ્રસીંહ રાજપુત ધ્વારા ફરીયાદીનો સંપર્ક કરી,પોતાના મિત્ર રાજુ પટેલ(રહે.નાપા) બજાર

કરતા સસ્તા ભાવે સોનુ અપાવશે તેમ કહી વિશ્વાસમા લીધેલ.ત્યારબાદ આરોપી રાજુ પટેલે અને તેના સાગરીતોએ પૂર્વ આયોજીત કાવતરાના ભાગરુપે ફરીયાદીને આણંદના નાપા ગામે અવાવરુ ફાર્મ હાઉસ પર બોલાવી,સોનાના બીસ્કીટ બતાવી લાલચ આપી,આરોપીઓએ શરુઆતમા ટોકન પેટે રુા.પાંચ લાખ મેળવી ફરીયાદીને દબાણ કરી જણાવેલ કે ''અગાઉના પૈસા બચાવવા હોય અને સોનુ જોઈતુ હોય તો વધુ રકમ આપી મોટો સોદો કરવો પડશે''આમ કહી ફરીયાદી પાસેથી રોકડ પેટે રુપીયા પાંસઠ લાખ તથા જુદી જુદી આંગડીયા પેઢીઓ(પી. એમ. આંગડીયા, આર. કે. આંગડીયા) મારફતે અંદાજે રુા.૮૫,૦૦,૦૦૦/–ટ્રાન્સફર કરાવી ટુકડે ટુકડે રકમ મેળવ્યા બાદ છેલ્લ ે તારીખ.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ આરોપીઓએ ફરીયાદી અને તેમની પત્નીને બાકીના રુપીયા.૨૮,૦૦,૦૦૦/– રોકડા સાથે હાલના આરોપીના નાપા ફાર્મ હાઉસ પર બોલાવી ત્યા ''મુંબઈની પાર્ટી'' નામે ખોટુ નાટક કરી રુા.૨૮,૦૦,૦૦૦/–લઈ લીધા બાદ,ફરીયાદી અને તેમની પત્નીને ચા મા કેફી/ઘેની પદાર્થ પીવડાવી બેભાન કરી દીધેલ અને જયારે તેઓ હોશમા આવ્યા ત્યારે આરોપીઓ પૈસા અને સોનુ લઈને નાસી ગયેલ અને ત્યા હાજર તેમના મળતીયા માણસોએ પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી,''અહી રેડ પડી છે '' તેમ કહી ફરીયાદીને ડરાવી ધમકાવી ત્યાથી ભગાડી મુકી તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામા ફરીયાદી પાસેથી કુલ રુપીયા ૨,૧૦,૦૦,૦૦૦/–(બે કરોડ દસ લાખ)જેટલી માતબર રકમ પડાવી લઈ,સોનુ કે પૈસા પરત ન આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હાલના આરોપીએ સંગઠીત કાવતરામા રેકી(વોચ)રાખવાની ભુમીકા ભજવી,ગુનો કરેલાનો આક્ષેપીત ગુનો આચરેલ છે.

(૨) આ કામે ફરી.પક્ષને નોટીસે બજતા વિ.સરકારી વકીલશ્રી.જે.એસ.ગઢવી

હાજર થયેલ છે તથા ત.ક.અ.તપાસના કાગળો સાથે હાજર થયેલ છે તથા આંક–૫ થી ત.ક.અમલદારે જામીન અરજી વિરુધ્ધ પોતાનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એમ.એમ.પઠાણ અરજી મુજબ રજુઆત કરતા જણાવે છે કે,અરજદારની હાલની આ પ્રથમ જામીન અરજી છે. ફરીયાદ ૧૮ દિવસ મોડી આપવાનુ કોઈ કારણ રજુ નથી.એફ.આઈ.આર.મા હાલના અરજદાર–આરોપીનુ નામ નથી કે શરીર સ્થિતિનુ વર્ણન નથી કે ફરીયાદમા કોઈ રોલ નથી. પોલીસે સદર ગુના સબંધે બે વાર અરજદારને પુછપરછ કરવા માટે બોલાવેલ અને પોલીસ સમક્ષ હાજર થયેલ છે.આરોપી પોલીસ સમક્ષ જાતે હાજર થયેલા છે.ફરીયાદીની ફરીયાદમા કે ફરીયાદીના વિશેષ નિવેદનમાં આરોપી મોટરસાયકલ લઈને વોચ કરતા હોય તેવુ કોઈ જગ્યાએ જણાવેલ નથી.આરોપીએ કોઈ રકમ મેળવેલ નથી.ફરીયાદી સાથે ટેલીફોનીક કે રુબરુ મુલાકાત થઈ હોય તેવુ પણ ફરીયાદમા જણાવેલ નથી.અરજદારે કોઈ કેફી પદાર્થ પીવડાવેલ કે હોય કે બનાવેલ હોય તેવા પણ કોઈ આક્ષેપ અરજદાર સામે નથી. ટી.આઈ.પરેડ કરાવેલ નથી.કેફી પદાર્થ શુ હતો તેનો કોઈ જ પુરાવો નથી કે કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ નથી.અરજદાર યુવાન વયના છે.તેઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી.અગાઉ આજ ગુનાના સહ આરોપી ઈકબાલ છત્રસીંહ રાણાને અત્રેની કોર્ટથી ક્રિ.પ.અ.નં.૨૦૦/૨૦૨૬ ના કામે રેગ્યુ.જામીન ઉપર મુકત કરેલ છે.તેમજ બીજા સહ આરોપી મુસ્તાકઅલી અનવરઅલી સૈયદનાઓને પણ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૧/૨૦૨૬ ના કામે શરતોને આધીન રેગ્યુ.જામીન ઉપર મુકત કરેલ છે.તેમજ બીજા સહ આરોપી અભેસીંહ રાણાને ક્રિ.પ.અ.નં.૨૩૨/૨૦૨૬ ના કામે રેગ્યુ.જામીન ઉપર મુકત કરેલા છે જેથી પેરીટીનો લાભ મળવાપાત્ર છે.કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ છે.અરજદાર–આરોપી સ્થાનીક રહેવાસી છે કયાય નાસીભાગી

જાય તેમ નથી.નામ.કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનુ પાલન કરવા અરજદાર–આરોપી તૈયાર છે.જેથી અરજદાર–આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ છે.અરજદાર/આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પોતાની દલીલના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. ૨૦૧૧(૦) (સુપ્રીમ) (ગુજરાત) ૨૪૩,નામ.ગુજરાત હાઈકોર્ટ રમેશભાઈ બટુકભાઈ ડાભી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત.

૩. ૨૦૧૧(૮)સુપ્રીમ.પેજ નં.૨૭૦,સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ.

(૪) આ કામે પ્રોસીકયુશન તરફે વિ.સરકારી વકીલશ્રી.જે.એસ.ગઢવી હાજર થઈ આંક–૫ થી ત.ક.અ.નુ સોગંદનામુ રજુ રાખી રજુઆત કરતા જણાવે છે કે,હાલના અરજદાર/આરોપીની ભુમીકા જોતા તેમણે સંગઠીત કાવતરામા રેકી(વોચ)રાખવાની ભુમીકા ભજવી, ગુનો કરેલ છે.હાલના આરોપી ફરીયાદીની વોચ રાખતા હતા. કલમ–૬૧(૨) લગાવવામા આવેલ છે.તપાસના કામે બોલાવેલ અને આરોપીની સંડોવણી જણાતા અટક કરેલ છે.આરોપી સામે પ્રાયમાફેસી કેસ છે.આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનાનો આક્ષેપ છે.જેથી પેરીટી મળવાપાત્ર નથી. આરોપી સક્રિયપણે ગુનામા સંડોવાયેલ છે.હાલ તપાસ ચાલુ છે.આરોપી તરફે આધાર રાખેલ ચુકાદાઓ સદર કેસને લાગુ પડતા નથી.જો અરજદાર–આરોપીને જામીન મુકત કરવામા આવશે તો ફરીથી અરજદાર–આરોપી આવા ગુનામા સંડોવાશે.તેમજ ગુનાની ગંભીરતા તથા ત.ક.અ.એ રજુ કરેલ સોગંદનામાની હકીકતને ધ્યાને લઈ તેમજ સજાની જોગવાઈ જે તમામ હકીકતો ધ્યાને લઈ તથા અરજદાર–આરોપીની રેગ્યુ.જામીન અરજી નામંજુર કરવા અરજ છે.

(૫) બંને પક્ષોની રજુઆતો તથા ફરીયાદ હકીકત તથા પોલીસ પેપર્સ તથા

તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતા અરજદાર–આરોપી સામે બી. એન. એસ. એસ. ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪),૬૧(૨),૧૨૩,૨૦૪,૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ છે.આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરાના ભાગરુપે ફરીયાદીને સસ્તા સોનાની લાલચ આપી નાપા બોલાવી અલગ અલગ સમયે રોકડા અને આંગડીયા મારફતે કુલ રુા.૨,૧૦,૦૦,૦૦૦/– પડાવી લીધેલા અને છેલ્લે તા.૨૨/૧૧/૨૫ ના રોજ નકલી મુંબઈની પાર્ટી ઉભી કરી ફરીયાદી દંપતિને કેફી પદાર્થવાળી ચા પીવડાવી બેભાન કરી,નકલી પોલીસ રેડનુ નાટક કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલાનો આક્ષેપ છે.ફરીયાદ અઢાર દિવસ મોડી આપેલ છે તેનો કોઈ ખુલાસો ફરીયાદમા નથી.એફ.આઈ.આર.ધ્યાને લેવામા આવે તો હાલના અરજદાર–આરોપીનુ નામ નથી કે શરીર સ્થિતિનુ વર્ણન નથી કે ફરીયાદમા કોઈ રોલ નથી.આરોપીએ કોઈ રકમ મેળવેલ નથી.ફરીયાદી સાથે ટેલીફોનીક કે રુબરુ મુલાકાત થઈ હોય તેવુ પણ ફરીયાદમા જણાવેલ નથી.અરજદારે કોઈ કેફી પદાર્થ પીવડાવેલ કે હોય કે બનાવેલ હોય તેવા પણ કોઈ આક્ષેપો ફરીયાદમા જણાવેલા નથી.કેફી પદાર્થ શુ હતો તેનો કોઈ જ પુરાવો નથી કે કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ નથી.અરજદાર યુવાન વયના છે.તેઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. હાલના અરજદાર સામે કોઇ તપાસ બાકી રહેતી નથી. અગાઉ આજ ગુનાના અન્ય એક આરોપી મુસ્તાકઅલી અનવરઅલી સૈયદને તથા ઈકબાલ છત્રસીંહ રાણાને તથા અભેસીંહ રાણાને અત્રેની કોર્ટથી જામીન ઉપર મુકત કરેલ છે.આરોપી સામેનો કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ છે.જો અરજદારને જામીન પર મુકત કરવામા ન આવે તો પ્રિટ્રાયલ કન્વીકશન થાય તેમ છે.અરજદાર બોરસદ તાલુકાના રહેવાસી છે જેથી તેઓની હાજરી સુનિશ્ચિત થાય છે.અરજદાર/આરોપી તરફે આધાર રાખવામા આવેલ (૧)૨૦૧૧(૦) (સુપ્રીમ) (ગુજરાત) ૨૪૩,નામદાર ગુજરાત હાઈકોર્ટ

રમેશભાઈ બટુકભાઈ ડાભી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત. (૨)૨૦૧૧(૮) સુપ્રીમ.પેજ નંબર. ૨૭૦, સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ.ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાને રાખી,તથા અરજદારનો રોલ ધ્યાને લેતા અરજદાર–આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવામા આવે તો ન્યાયનો હેતુ બર આવે તેમ જણાય છે જેથી ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુ ક મ.//**

અરજદાર/આરોપી–અરબાજખાન સ/ઓ.હમીદખાન જશુભા રાણાનાઓને બોરસદ રુરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર.૧૧૨૧૫૦૦૭૨૫૦૪૧૫/૨૦૨૫, બી.એન.એસ.એસ.ની કલમ–૩૧૬(૨),૩૧૮(૪),૬૧(૨),૧૨૩, ૨૦૪, ૩૫૧(૩)મુજબના ગુનાના કામે અરજદાર–આરોપીએ રુા.૨૫,૦૦૦/–(અંકે રુપીયા પચ્ચીસ હજાર)ના જાત મુચરકા તથા તેટલી જ રકમના સદ્ધર જામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**––––શરતો––––**

૧. અરજદાર–આરોપીએ ફરીયાદો પક્ષના સાહેદોને કોઈપણ પ્રકારે ધાકધમકી લોભ લાલચ, પ્રલોભન આપવુ નહી કે ફરીયાદ પક્ષના સાહેદોને તોડવા ફોડવાનો પ્રયત્ન કરવો નહી કે પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ કરવો નહી કે કોઈ ગુનાહીત કૃત્યમા સંડોવાવુ નહી.

૨. અરજદાર–આરોપીએ પોતાના આધાર કાર્ડની સર્ટીફાઈડ નકલ તથા રેશનકાર્ડ ધરાવતા હોય તો તે રેશનકાર્ડની સર્ટીફાઈડ નકલ રજુ કરવી.

૩. અરજદાર/આરોપીએ પોતાના કાયમી અને હાલના વસવાટના રહેઠાણનુ પુરુ સરનામુ તથા મોબાઈલ નંબર જાહેર કરતુ સોગંદનામુ રજુ કરવુ તેમજ પોતાના કાયમી અને હાલના રહેઠાણ અંગેનો આધાર રજુ રાખવો.

૪. અરજદાર–આરોપીએ બોરસદ રુરલ પોલીસ સ્ટેશનમા ચાર્જશીટ થતા સુધી દર મહીનાની પંદરમી તારીખે સવારના ૯–૦૦ થી ૫–૦૦ દરમીયાન હાજરી પુરાવવી.

૫. અરજદાર/આરોપીએ પોતાનુ કાયમી કે કામચલાઉ રહેઠાણ નામદાર ટ્રાયલ અદાલતને જાણ કર્યા વગર બદલવુ નહી.

૬. અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટની પરવાનગી સિવાય,ભારત દેશની સરહદ છોડવી નહી.

૭. અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો આ કોર્ટ સમક્ષ દિન–૭ માં પોતાનો પાસપોર્ટ નીચેની કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ કરવુ.

– ઉપરોકત શરતો પૈકી એક પણ શરતનો ભંગ કરેથી અરજદાર/આરોપી ફરીથી ધરપકડને પાત્ર થશે.

– જામીન અંગેની કાર્યવાહી સંબંધિત ટ્રાયલ કોર્ટમાં કરવી.

– આ હુકમની યાદી સબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

સદર હુકમ આજ તા.૦૬–૦૪–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા.૦૬/૦૪/૨૦૨૬.
સ્થળ–આણંદ.

( **જે.આર.પંડીત** )
ત્રીજા એડીશ્નલ સેસન્સ જજ
આણંદ(જજ કોડ નં.જી.જે.૦૦૬૨૦)

**/પી.એફ.મીરઝા,ગુજ.સ્ટેનો./**